

## રમતોત્સવનો સમાપન સમારોહ યોજાયો

સ્પોર્ટસ ઓફ ઈન્ડિયન દ્વારા ચ-૩ ગ્રાઉન્ડ ખાતે ગેમ્સ, ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે શનિવાર સાત દિવસીય રમતોત્સવનું સમાપન સમારોહ યોજાયો હતો. મહિલાઓની કબડ્ડી મેચની ફાઈનલ મેચ યોજાઈ હતી. સમાપન સમારોહમાં પૂર્વ ગૃહ રાજ્યમંત્રી ગોરધનભાઈ ઝડફિયા, પ્રમુખ રાકેશ પાંડેના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

# શહેરમાં ૧ માર્ચે મહારકતદાન શિબિર ૫૦૦ બોટલ રકત એકત્રિત કરાશે

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ કીડની હોસ્પિટલના લાભાર્થે શિબિરનું આયોજન : રકતદાનમાં ગુજરાત મોખરે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ તેમજ અમદાવાદ કિડની હોસ્પિટલના લાભાર્થે શહેરમાં આગામી તા. ૧ માર્ચના રોજ સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે સવારે ૯ કલાકે મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં પણ ૬૬ બાળકો થેલેસેમિયા મેજરથી પીડીત હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે થેલેસેમિયા અને કિડનીના દર્દીઓને ધ્યાને લઈ યોજાનારા આ રકતદાન શિબિરમાં ૮૦૦ બોટલ રકત એકત્રિત કરવામાં આવશે. આ તબક્કે નગરના સેવભાવી અગ્રણી શ્રી ખારોડ ઉપરાંત સેન્ચ્યુરીયન દાતાઓનું સન્માન પણ કરવામાં આવશે.

**નગરના સેન્ચ્યુરીયન રકતદાતાઓના નામ**

નિલેન્દુ વોરા
ભરત કવિ
રવિન્દ્ર દવે
દિનેશ દાણી
શશીકાંત મોઢા
ઉલ્લાસ વોરા
સુકેતુ મહેતા
યુ.વી. શાહ
સુર્યકાન્ત નાયક
રમેશ સોની

મહારકતદાન શિબિર અંગે નગરના સેવાભાવી યુવા અગ્રણી સુકેતુ મહેતાએ માહિતી આપતા જણાવ્યું હતું કે તા. ૧ માર્ચના રોજ રજાના દિવસે રવિવારે યોજાનારી આ મહારકતદાન શિબિરના અંતે ૫૦૦ બોટલ રકત એકત્રિત કરવાનો લક્ષ્યાંક છે. રકતદાન ક્ષેત્રે ગુજરાત મોખરે છે. સમગ્ર રાજયમાં ૧૬૬ રકતદાતાઓએ ૧૦૦થી વધુ વખત રકતદાન કર્યુ છે. જેમાં ગાંધીનગર અને અમદાવાદ શહેરનું નોંધપાત્ર યોગદાન છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૩૦૦ બોટલની ખપત સામે માત્ર ૨૦૦ બોટલની આવક છે. ત્યારે રકતની ઘટત નિવારવા પ્રયાસ અનિવાર્ય છે. ગાંધીનગરમાં પણ ૧૨ જેટલા સેન્ચ્યુરીયન દાતાઓ છે જયારે ૫૦થી વધુ વખત રકતદાન કર્યુ હોય તેવી ૬ મહીલા છે. ગાંધીનગરમાં વર્ષે ૩ થી ૪ હજાર બોટલ રકતદાન કરવામાં આવે છે. આગામી ૧ માર્ચના રોજ યોજાનાર મહારકતદાન શિબિરમાં રસ ધરાવતા દાતાઓને રકતદાન કરવા અપીલ કરવામાં આવે છે. રકતદાન કરવાની ઈચ્છા હોય તેમણે વત્સલ વોરા ૯૯૦૯૯ ૨૧૦૯૭, તરંગ હાથી ૯૪૨૬૬ ૨૨૩૫૫, કૈરવ દેસાઈ ૯૮૨૫૭ ૨૭૭૦૬, સુકેતુ મહેતા ૯૮૨૫૨ ૯૨૦૪૧ તેમજ ઉમાકાંત વસાવડા ૯૮૭૯૦ ૩૦૬૯૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

## આજે ઉર્જાનગર-૧ની સામાન્ય સભા

ઉર્જા એમ્પ્લોઈઝ એસોસિએશન, ગાંધીનગર ઉર્જાનગર વિભાગ-૧ની સામાન્ય સભા આજરોજ રવિવાર બપોરે ૩.૩૦ કલાકે ઉર્જાનગર-૧ સોસાયટી બગીચા ખાતે યોજાશે. સામાન્ય સભામાં સોસાયટીના તમામ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## નાયી સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

મોટી છાસઠ જૂથ નાયી સમાજનો ૨૨મો સમૂહ લગ્નોત્સવ ગાંધીનગર પાસેના રાયસણ ખાતે યોજવામાં આવશે. ૨૩ ફેબ્રુઆરી, સોમવારના રોજ યોજાનાર સમૂહ લગ્નોત્સવના મુખ્ય દાતા સ્વ. ગીરીશભાઈ આત્મારામ નાયી પરિવાર ઉપસ્થિત રહેશે.

# કોંગ્રેસને વિધાનસભા ઉપાધ્યક્ષનું પદ મળવુ જોઈએ : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષની જાહેર થયેલ ચૂંટણી અંગે પ્રતિક્રિયા આપતાં ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર લોકશાહીના નિયમો અને મૂલ્યોને નેવે મુકીને છેલ્લા ઘણાં વર્ષોથી ગુજરાતમાં વહીવટ કરી રહી છે. 'આગ લાગે ત્યારે કૂવો ખોદવો' એ માનસિકતા સાથે ભાજપે આગામી તા. ૨૫ ફેબ્રુઆરીએ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી જાહેર કરી છે. લોકશાહીની પ્રણાલિકા પ્રમાણે દેશની લોકસભામાં અને ઘણા બધા રાજ્યોની વિધાનસભાઓમાં ઉપાધ્યક્ષનું પદ વિરોધપક્ષને ફાળવવાની પરંપરા રહી છે.

દિલ્હી જેવા નાના રાજ્યમાં પણ ભાજપના ફક્ત ત્રણ જ ધારાસભ્યો હોવા છતાં વિરોધપક્ષના નેતાનું પદ આમ આદમી પાર્ટીની સરકારે ભાજપને આપ્યુ છે. ગુજરાતમાં ઘણા વર્ષોથી વિરોધપક્ષને ઉપાધ્યક્ષ પદ ફાળવવું જોઈએ એવી પ્રણાલિકા ભાજપે તો બંધ કરી જ છે, પરંતુ પોતાના પક્ષના પણ કોઈ ધારાસભ્યને ઉપાધ્યક્ષપદે બેસાડવા જોઈએ એમાં પણ વિલંબની નીતિ અપનાવી છે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનો આગ્રહ છે કે, ગુજરાતમા દલિત સમાજનુ ઉપાધ્યક્ષનું પદ મળવું જોઈએ અને કોંગ્રેસ પક્ષ ગુજરાત સરકારને વિનંતી કરે છે કે, ઉપાધ્યક્ષ પદ કોંગ્રેસને ફાળવવું જોઈએ. છતાં પણ ઉપાધ્યક્ષપદનો આગ્રહ શાસક પક્ષ રાખશે જ તો ન છૂટકે કોંગ્રેસ પણ ઉપાધ્યક્ષપદની ઉમેદવારીની હરીફાઈમાં પોતાની ઉમેદવારી નોંધાવશે તેમ વાઘેલાએ અંતમાં જણાવ્યું હતું.


# કલોલના તબીબ પાસે ૧ કરોડ ખંડણી માંગનાર ત્રણ ઝડપાયા

### લોડેડ તમંચા, ખંડણી માટે ધમકી આપવા વપરાયેલા મોબાઈલ અને બાઈક જપ્ત : સિકયુરીટી ગાર્ડ સહીતની ત્રિપુટીએ અગાઉ પણ ખંડણીનો પ્રયાસ કર્યો હતો

ગાંધીનગર, તા.૨૧

જિલ્લાના કલોલ શહેર વિસ્તારમાં એક ડોકટરની ગાડી પર ફાયરીંગ કરી ભાગી ગયેલા ત્રણ ખંડણીખોરોને ગાંધીનગર એલસીબીની ટીમે ગણતરીના દિવસોમાં ઝડપી પાડયા છે. ડૉ. રાજેશ શુકલને ફોન કરીને ૧ કરોડની ખંડણી માંગનાર ૩ શખ્સો પૈકી એક સિકયુરીટી ગાર્ડ છે. એલસીબીએ ત્રણેયની ધરપકડ કરી ઉંડી પુછપછ કરતાં અગાઉ પણ એક પાર્ટીને ધમકી આપી ખંડણી માંગવાનો પ્રયત્ન આ ત્રિપુટીએ કર્યો હોવાની કબુલાત કરી છે.





ગાંધીનગર રેન્જ આઈજી તથા જિલ્લા પોલિસ વડા શરદ સિંઘલની સુચનાથી કલોલ શહેરમાં એક તબીબ પાસે ૧ કરોડની ખંડણી માંગી ગાડી ઉપર ફાયરીંગના ચકચારી ગુનાના આરોપીઓ ને પકડવા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ દોડતી થઈ હતી. દરમિયાન કલોલ સીંદબાદ હોટલ સામે છત્રાલ જતાં માર્ગ પરથી એક બાઈક પર ત્રણ સવારી જતાં શકમંદોને પકડી પુછપરછ કરતાં આ ખંડણીના ચકચારી ગુનાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. કલોલના ઈન્દીરાનગર છાપરામાં રહેતો અને મુળ યુપીનો ૨૧ વર્ષીય સંજય રાજેન્દ્ર યાદવ, કલોલના પંચવટી ખાતે સુદર્શન એપાર્ટમેન્ટમાં રહેતો ૨૨ વર્ષીય પવન રમેશ પ્રજાપતિ અને કલોલના પાંચ હાટડી બજાર પાસે રહેતા ૨૧ વર્ષીય કાર્તિક મિતેશ પંડયા મળીને ત્રણેય લબરમુછીયાઓની ધરપકડ કરી લેવામાં આવી છે. ત્રણ પૈકી સંજય યાદવ ઈગલ આઈ સિકયુરીટીમાં ફરજ બજાવે છે. બાઈક પર ત્રણ સવારી જતાં પકડાયેલા શકમંદો પાસેથી દેશી તમંચો મળી આવતા તે અંગે પુછપરછ કરતાં ૧૨ ફેબ્રુઆરીએ કલોલમાં ડૉ. રાજેશ શુકલની ગાડી પર થયેલું ફાયરીંગ તે ત્રિપુટીએ કર્યુ હોવાની ચોંકાવનારી કબુલાત તેમણે કરી છે. મુખ્ય સુત્રધાર સંજયે તેના બંને મિત્રો સાથે મળીને મોટી પાર્ટી ટાર્ગેટ બનાવી ખંડણી માંગવાનો પ્લાન બનાવી દોઢ મહિના પહેલા તેની જ કંપનીના મેનેજર સંજીવ પોટનીશને નિશાન બનાવ્યો હતો. રૂ. ૩૦ લાખની ખંડણી માંગી પરંતુ મેનેજરે રૂપિયા ન આપતા અટારીયા બીઝનેશ હબ નજીક તેમની ગાડીમાં પણ ફાયરીંગ કર્યુ હતું. ત્યાર બાદ પણ અવારનવાર ધમકીઓ અપાઈ હતી પરંતુ સંજીવ પોટનીશે રૂપિયા ન આપતા ખંડણીખોરો સફળ રહ્યા ન હતાં. દરમિયાન ડૉ. રાજેશ શુકલ એક ઓપરેશન દીઠ રૂ. ૨૫ લાખ ફી લેતા હોવાનું આ ત્રણેયને જાણવા મળતાં ડોકટરને ટાર્ગેટ બનાવ્યા હતાં. ૧ ફેબ્રુઆરીએ ફોન કરીને ખંડણીખોરોએ રૂ. ૧ કરોડ બીજા દિવસે ઘરની બહાર મુકવા ધમકી આપી હતી. પરંતુ ડોકટરે રૂપિયા બહાર ન મુકતાં ૧૨મીએ ગાડી ઉપર ફાયરીંગ કર્યુ હોવાની કબુલાત કરી છે. ત્રણેયની ધરપકડ કરીને લોડેડ તમંચો, બાઈક અને મોબાઈલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ આરંભી છે.

# ચિલોડામાં ૫૦૦ લીટર આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ

### ચિલોડાના ૪૦ વર્ષીય યુવાનનું સ્વાઈન ફલુથી મોત થતા તંત્ર સફાળુ જાગ્યું : પ્રાથમિક શાળાના બાળકો દ્વારા રેલી કઢાઈ

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ૪૦ વર્ષીય આશાસ્પદ યુવાનનું સ્વાઈન ફલુના કારણે સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજતાં તંત્ર સફાળુ જાગી ઉઠ્યું છે. અને આ રોગને કાબુમાં લેવા માટે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. ચિલોડા ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા અને અગ્રણી ગ્રામજનોની સહાયતાથી આરોગ્યતંત્રએ આયુર્વૈદિક ઉકાળાનું ઠેર ઠેર વિતણ કર્યુ હતું. આ ઉપરાંત પ્રાથમિક શાળાના બાળકો દ્વારા જનજાગૃતિ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



(તસવીર : નટુભાઈ પટેલ)

આરોગ્ય તંત્ર દ્વારા ચિલોડામાં દૂધ-મંડળી, ઈસનપુર મોટા રોડ પરની ઉમિયાનગર સોસાયટી, ગુરુકુળ પ્રાથમિક શાળા આ ઉપરાંત અન્ય રહેણાંક સ્થળોએ સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉકાળામાં આયુર્વૈદિક ઔષધિઓ જેવી કે તુલસીના પાન, સૂંઠ, હળદર, અજમો, અરડુસીના પાન, ગોળ વગેરેનું મિશ્રણ ઉકાળીને બનાવવામાં આવ્યો હતો. આ ઉકાળો ગ્રામજનો તેમજ શાળાના બાળકોને પણ પીવડાવવામાં આવ્યો હતો. આ ઉકાળા માટે આયોજિત વિતરણ કેન્દ્રો દ્વારા આંગણવાડીના બાળકોથી લઈને તમામને તેમની ઉંમરના પ્રમાણમાં યોગ્ય માત્રામાં ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. સમગ્ર ચિલોડા પંથકમાં લગભગ ૫૦૦ લીટરથી વધુ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આરોગ્યતંત્ર દ્વારા ચિલોડાની પ્રાથમિક શાળાના બાળકોની 'સ્વાઈન ફલુ અંગે જનજાગૃતિ' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી ચિલોડાના તમામ મુખ્ય વિસ્તારમાં પરિભ્રમણ કર્યુ હતુ. આ રેલીમાં બાળકો સાથે શિક્ષકો પણ જોડાયા હતા.



## ડભોડામાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

સમગ્ર ગાંધીનગર જિલ્લામાં અત્યારે 'સ્વાઈન ફલુ'નો કેર વર્તાઈ રહ્યો છે. ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે પવિત્ર યાત્રાધામ ડભોડીયા હનુમાનજીના મંદિરે આજે અમદાવાદની અખંડાનંદ આયુર્વેદિક કોલેજના એનએસએસ યુનિટ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સ્વાઈન ફલુ રોગથી બચવા માટે લગભગ ૫૦૦ લોકોને આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. આ શિબિરમાં લગભગ ૫૮૦ દર્દીઓની ચકાસણી કરી નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ નિદાન કેમ્પ સાથે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯
સૂર્યાસ્ત : ૬.૪૦

## તાપમાન

મહત્તમ : ૩૫.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

બદલાપુર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૨ :

રોય : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સિટીપલ્સ**

: સ્કીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્કીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્કીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. દરજી પુષ્પાબેન કિરણભાઈ (ઉ.વ.૬૩) ૭૭/૩૪૫, શ્રીનગર સોસાયટી, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. બટુકરાય બાબુલાલ જોશી (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૪૬૨/૧, સે-૩બી, ગાંધીનગર
- સ્વ. પટેલ ધનવંતભાઈ ગોપાલદાસ (ઉ.વ.૬૫) મુ. ઊંઝા, તા. ઊંઝા, જી. મહેસાણા
- સ્વ. પટેલ રણછોડભાઈ ગીરધરદાસ (ઉ.વ.૯૨) મુ. સોનીપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. સેનમા ગોવિંદભાઈ રેવાભાઈ (ઉ.વ.૬૮) મુ. ચંદ્રાલા, તા.જી. ગાંધીનગર